# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**પ્રિ-પરીક્ષા**

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૭૩૬,૭૩૭,૭૩૮ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :exam01@sauuni.ac.in


નંપરીક્ષા/૦૧/૫૨૫ /૨૦૨૫ તા. ૧૧ -૦૨-૨૦૨૫

પરીપત્ર.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કાયદા વિધાશાખાના કોલેજના આચાર્યશ્રીને જણાવવાનુ કે એલ.એલ.બી સેમે-૦૧ ની પરીક્ષાના આવેદનપત્ર નિયત પરીક્ષા ફી સાથે નીચે મુજબ ઓંન-લાઇન ભરવાના રહેશે.

(૧) કોલેજના લોગઈનમાં પ્રિ-એકઝામીનેશન મેનુની અંદર પ્રિ-એકઝામીનેશન ફોર્મ રીપોર્ટ નામના ઓપ્શનમાંથી પરીક્ષા ફોર્મની પ્રિન્ટ કરી શકશો. જેની વિગત નીચે મુજબ છે.
**[College Login => Pre-Examination => Pre-Examination Form Report]**

(૨) વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ સંસ્થાના લોગઈન મારફત એનલિસ્ટમેન્ટ નંબર દાખલ કરી પ્રિ-પ્રિન્ટેડ ફોર્મ ડાઉનલોડ/પ્રિન્ટ કરવાના રહેશે. સદર પરિપત્ર મુજબની ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી કોલેજ/ સંસ્થા/ભવન દ્વારા પોતાના લોગઈન મારફત પૂર્ણ કરીને ફી મેમો તેમજ ભરેલા પરીક્ષા ફોર્મની યાદી **E-mail : suexamfee@sauuni.ac.in** પર તરત મોકલી આપવાની રહેશે.

(૩) તમામ કોલેજે https://exam.saurashtrauniversity.edu/erp/ વેબસાઈટમાં ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરીને તેમાં જ ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે.

| ક્રમ | પરીક્ષાનુ નામ | સેમેસ્ટર | પરિક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાનો રેગ્યુલર ફી સાથેનો સમયગાળો | લેઇટ ફી રૂ.।૫૦૦/- સાથે | પરીક્ષા ફી રૂ।- |
|---|---|---|---|---|---|
| | **LAW** | | | | |
| 01 | L.L.B | **1** | તા : 12-02-2025 TO 18-2-2025 | તા : 19-02-25 1 દિવસ | **270/-** |

૧. ઉપરોક્ત યાદી પ્રમાણે વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ ઓનલાઈન ભરવાનાં રહેશે. જેની ખાસ નોંધ લેવી.

૨. કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઈન આવેદન પત્ર ભરતા સમયે વિદ્યાર્થીનાં વિષય તથા અન્ય (જેમ કે વિદ્યાર્થીના નામ,વિષય, ફોટા, એનરોલમેન્ટ નંબર) તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા વધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ જેની તકેદારી લેવી તેના કારણે કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે સંબંધીત કોલેજ/સંસ્થા/ભવન જવાબદાર રહેશે. તેમાં યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

3 ઉપરોક્ત પરીક્ષાઓ માટે ઓનલાઈન પરીક્ષા ફોર્મ કોલેજ/સંસ્થા પોતાના લોગઈન મારફતે વેબસાઈટ પર ભરવાના રહેશે. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં આપનાર અભ્યાસક્રમ - સેમેસ્ટર દીઠ રેગ્યુલર - રીપીટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી,ફી મેમો જનરેટ કરી ઓનલાઈન ફી પેમેન્ટ કરવાનું રહેશે. યુનિવર્સિટી વેબસાઈટમાં ઓનલાઈન એન્ટ્રી નિયત તારીખ સુધીમાં ફી મેમો અંગેની યાદી તેમજ ઓનલાઈન ભરાયેલ વિદ્યાર્થીની યાદીની પ્રિન્ટ **suexamfee@sauuni.ac.in** ઈ-મેઈલ મારફત યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા ફોર્મની છેલ્લી તારીખ ઉપરાંત એક (૧) દિવસ સુધીમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. જો ઓનલાઇન પેમેન્ટ ના થઇ શકતુ હોય તો વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલ આવેદનપત્રોની ફી નો ડીમાંન્ડ ડ્રાફટ ફી મેમોમાં દર્શાવેલ મુળ રકમનો જ જમા કરવાનો રહેશે. ડી. ડી. કમિશન બાદ કરવાનું રહેશે નહી.

૪ જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની થિયરી (Theory) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષા જ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ સંબંધિત સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ અચૂક ભરવાના રહેશે તેમજ સંબંધિત સંસ્થા

દ્વારા રીપીટર વિદ્યાર્થીઓની નિયમાનુસાર આંતરિક પરીક્ષા લઈને યુનિવર્સિટીને નિયત તારીખ સુધીમાં આંતરિક ગુણ ની ઓનલાઈન એંન્ટ્રી કરીને મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ આવા કોઈપણ ફોર્મ સ્વીકારી શકાશે નહિ જેની ખાસ નોંધ લેવી.

૫ વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલા આવેદનપત્રો સંબંધીત કોલેજ દ્વારા ચાલુ સત્ર તેમજ ત્યારબાદનાં એક સત્ર સુધી સાચવી રાખવાનાં રહેશે.

પરીક્ષા નિયામક

<u>પ્રતિ,</u>

**(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કાયદા કોલેજનાં આચાર્યશ્રીઓ તરફ.**

**(૨) પરીક્ષા કોમ્પ્યુટર જરૂરી જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**

**(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શિક્ષણ ભવનનાં અધ્યક્ષશ્રી  તરફ**

**<u>નકલ રવાના:</u>**

**(૧) માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી માન, પરીક્ષા નિયામકશ્રીના અંગત સચિવ તરફ.**